INEOS

# INEOS સપ્લાયર આચારસંહિતા

જાન્યુઆરી 2025



# પ્રસ્તાવના





**INEOS એક જવાબદાર કૉર્પોરેટ કંપની તરીકે કામ કરવા અને તમામ સંબંધિત સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવા માટે પ્રતિબદ્ધ છે. અમારું ધ્યેય અમારા ઉદ્યોગમાં અગ્રેસર બનવાનું છે, આરોગ્ય, સલામતી અથવા પર્યાવરણ સાથે સમાધાન કર્યા વિના કાર્ય કરવાનું છે અને સમાજમાં વહનીયતાને વધારવા અને ઉચ્ચતમ નૈતિક ધોરણો જાળવવાનું છે.**

INEOS અપેક્ષા રાખે છે કે તેના સપ્લાયર્સ લાગુ કાયદાઓનું પાલન કરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પર્યાવરણીય, સામાજિક અને શાસકીય (Environmental, Social and Governance, ESG) ધોરણોનું પાલન કરે, જેમાં અમારી આચારસંહિતા અને SHE નીતિમાં નિર્ધારિત ધોરણોનો સમાવેશ થાય છે.

આ સપ્લાયર આચારસંહતિા (Supplier Code of Conduct, SCoC) યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ સદ્ધિાંતો પર આધારતિ છે કે જેનું INEOS પાલન કરે છે અને વ્યાપાર અને માનવ અધકિારો પર સંયુક્ત રાષ્ટ્રના માર્ગદર્શક સદ્ધિાંતો, મૂળભૂત સદ્ધિાંતો અને કાર્યસ્થળે અધકિારો વશિેની આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની ઘોષણા, સંઘર્ષ-અસરગ્રસ્ત અને ઉચ્ચ જોખમવાળા વસ્તિારોમાંથી ખનજિોની જવાબદાર સપ્લાય શ્રૃંખલાઓ માટે OECD ડ્યુ ડલિજિન્સ ગાઇડન્સ અને જવાબદાર કેર ગ્લોબલ ચાર્ટરને પ્રતબિંબિતિ કરે છે. તે અમે કોઈપણ સ્થળના કે પાર્શ્વભૂમધિરાવતા અમારા સપ્લાયરો, સપ્લાયરોની પેટાકંપનીઓ અને સહયોગીઓ, તેઓના પેટાકોન્ટ્રાક્ટરો અને અન્ય વ્યાવસાયકિ ભાગીદારોના કોન્ટ્રાક્ટરો અને એજન્ટો પાસેથી આ વર્ગો બાબતે શું  અપેક્ષા રાખીએ છીએ તેને નર્ધિારતિ કરે છે અને તેનો સાર આપે છે:

- આરોગ્ય અને સુરક્ષા
- પર્યાવરણનું રક્ષણ
- શ્રમ બાબતની કાર્યનીતઓિ અને માનવાધકિારો
- નીતમિત્તા અને વ્યાપારનાં ન્યાયી આચરણો

INEOSના સપ્લાયર તરીકે અને અમારી પુરવઠા શ્રૃંખલાના ભાગ તરીકે, અમે અપેક્ષા રાખીએ છીએ કે તમે આ SCoCમાં વર્ણવેલ મૂલ્યો અને સિદ્ધાંતોને અનુરૂપ તમારો વ્યવસાય કરશો અને લાગુ પડતા બધા કાયદાઓ તથા વિનિયમોનું હંમેશાં સંપૂર્ણ પાલન કરશો તથા તે મુજબ તમે તમારા પોતાના સપ્લાયરો અને પ્રતિપક્ષકારોની પસંદગી કરશો.

INEOS માટે અથવા તેની સાથે કામ કરવાનો સ્વીકાર કરીને સપ્લાયરો આ SCoCનું પાલન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ SCoCનું તમે કેટલું પાલન કરો છો તેની ખરાઈ કરવા માટે ઑડિટ અને મૂલ્યાંકન કરવાનો અધિકાર INEOS પાસે સુરક્ષિત રહે છે.

આ SCoC સાથે સુસંગત ન હોય અથવા તેનું જેમાં ઉલ્લંઘન થતું હોય એવા આચરણના પરિણામે INEOS સાથેનો તમારો વ્યાવસાયિક કરાર રદ કરવામાં આવી શકે છે અથવા તે સમાપ્ત કરવામાં આવી શકે છે. આ SCoC સાથે કોઈ પણ વિસંગતિ ઉદ્ભવે અથવા તેનું ઉલ્લંઘન થાય તો તે તમારા INEOS ના સંપર્કને અથવા નીચેનાઈમેઈલ સીધી જાણ કરી શકાશે.

INEOS પર એવું અપેક્ષિત છે કે લોકો મુક્તપણે અને પ્રમાણિકપણે પોતાના વિચારો વ્યક્ત કરે, પરંતુ આ બાબત અપવાદિત નથી.  અમે એવું ઈચ્છીએ છીએ કે જ્યારે કોઈપણ વ્યક્તિને અસુરક્ષિત, ગેરકાનૂની અથવા અનૈતિક વર્તણૂકની જાણ થાય તો તે સહજતાથી પોતાની ચિંતા વ્યક્ત કરી શકે. બધી ચિંતાઓ પર ગંભીરતાથી વિચાર કરવામાં આવે છે અને ગોપનીય રીતે તેનું સમાધાન કરવામાં આવે છે. INEOS કોઈપણ સ્વરૂપમાં પ્રતિશોધનું સમર્થન કરતું નથી. INEOS Speak Up એ સ્વાયત્ત કંપની (NAVEX) દ્વારા પૂરી પાડવામાં આવતી નિઃશુલ્ક સેવા છે. અહેવાલો 24 કલાક, અઠવાડિયાના સાતેય દિવસો માટે ટોલ-ફ્રી ફોન નંબર અથવા Speak Up વેબસાઈટના માધ્યમથી પ્રસ્તુત કરી શકાય છે. જે લોકો પોતાની ચિંતાની વિશે અહેવાલ પ્રસ્તુત કરવા માંગે છે, તેઓ તે અનામી રીતે કરી શકે છે. બધા કર્મચારીઓ અને તૃતીય-પક્ષ હિતધારકો (કોન્ટ્રાક્ટર, ભાગીદાર અને સપ્લાયર સહિત) Speak Up સિસ્ટમનો ઉપયોગ કરી શકે છે.

# આરોગ્ય અને સુરક્ષા





**અમારી મૂલ્ય શ્રૃંખલાઓમાં ઉચ્ચતમ આરોગ્ય અને સલામતી ધોરણો પૂર્ણ થાય તેની ખાતરી કરવી એ INEOS માટે ખૂબ મહત્ત્વનું છે. સપ્લાયર્સ કાર્યસ્થળ, વર્કસ્ટેશન અને કાર્યકારી સાધનો સહિત સુરક્ષિત કાર્ય વાતાવરણ પૂરું પાડશે અને તેને જાળવશે અને યોગ્ય સ્વાસ્થ્ય અને સુરક્ષા પ્રથાઓને પ્રોત્સાહિત કરશે.**

- **વ્યાવસાયિક આરોગ્ય, સુરક્ષા અને જોખમ અટકાવવું**
  કોઈ દુર્ઘટના અને ઈજાથી મુક્ત કામકાજનું વાતાવરણ સર્જવાના ઉદ્દેશ્ય સાથે અને પોતાની પ્રવૃત્તિઓ સાથે સંબંધિત વ્યાવસાયિક બિમારી અને આરોગ્ય સંબંધી સમસ્યાઓના ઉદ્ભવને અટકાવવાના ઉદ્દેશ્ય સાથે લાગુ પડતા કાયદાઓ અને વિનિયમો અનુસાર બધા કર્મચારીઓ અને સાઇટ પરના ઠેકેદારો માટે કામકાજનું સુરક્ષિત, તંદુરસ્ત વાતાવરણ પૂરું પાડવું અનિવાર્ય છે.

- **કટોકટીનું નિયમન**
  સપ્લાયરો કટોકટીની સંભવિત પરિસ્થિતિઓને ઓળખશે અને તેનું મૂલ્યાંકન કરશે. પ્રત્યેક પરિસ્થિતિ માટે સપ્લાયરો કટોકટીની યોજનાઓ અને પ્રતિભાવની એવી પ્રક્રિયાઓ વિકસાવશે અને તેના પર અમલ કરશે, જેથી જીવન, પર્યાવરણ અને સંપત્તિને ઓછામાં ઓછું નુકસાન થાય.

- **સ્વચ્છતા, ખોરાક અને નિવાસ**
  સપ્લાયરોએ કર્મચારીઓને અને સાઇટ પરના કોન્ટ્રાક્ટરોને વાજબીપણે સુલભ, સ્વચ્છ નિવાસસ્થાનો અને જ્યાં લાગુ પડતું હોય ત્યાં સ્વચ્છ અને સુરક્ષિત ડૉર્મિટરીઓ, ભોજન, રસોઈઘર અને સંગ્રહની સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

- **સંચાર અને તાલીમ**
  કર્મચારીઓ અને સાઇટ પરના કોન્ટ્રાક્ટરોને આરોગ્ય અને સુરક્ષા અંગેની સમસ્યાઓ અંગે પૂરતી માહિતી આપવાની રહેશે તથા આરોગ્ય અને સુરક્ષાનાં જોખમોને શક્ય તેટલાં ઓછાં કરવા માટે તેઓની સ્થાનિક ભાષામાં યોગ્ય તાલીમ પૂરી પાડવાની રહેશે.

- **જીવનરક્ષક નિયમો**
  સપ્લાયરો અને તેઓના તરફથી કામ કરતા લોકો INEOSનાં પરસિરો પર કામ કરતી વખતે INEOSના 7 જીવનરક્ષક નયિમોનું (www.ineos.com) પાલન કરશે .




# પર્યાવરણનું રક્ષણ

**અમારી મૂલ્ય શ્રૃંખલાઓમાં આબોહવા-તટસ્થતા, પૂર્ણ જીવન ચક્રનો વિચાર અને શૂન્ય-પ્રદૂષણ તરફ આગળ વધવું INEOS માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. સપ્લાયર્સ લાગુ પડતા દરેક પર્યાવરણીય કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય કન્વેન્શનનું પાલન કરશે, સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરશે અને આબોહવા પરિવર્તન, પ્રદૂષણ અને ઉત્સર્જન, પાણીની અછત અને જૈવવિવિધતા માટેની નકારાત્મક અસરો ઓછી થાય તેવો પ્રયાસ કરશે; આવી નકારાત્મક અસરો અમુક માનવાધિકારના જોખમો સાથે સંબંધિત પણ હોય છે, જેમ કે (i) ખોરાકની જાળવણી માટેના કુદરતી આધારને નોંધપાત્ર રીતે નષ્ટ કરે છે, (ii) સલામત અને સ્વચ્છ પીવાના પાણીની લોકોની પહોંચને અટકાવે છે, (iii) વ્યક્તિ માટે સેનિટરી સુવિધાઓ સુધી પહોંચને મુશ્કેલ બનાવે છે અથવા તેનો નાશ કરે છે અથવા (iv) વ્યક્તિના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. સપ્લાયર્સ જીવન ચક્રના આધાર પર તેમની સામગ્રી અને ઉત્પાદનો માટેના જોખમો અને પર્યાવરણ પરના પ્રભાવોની ઓળખ કરશે અને INEOS ની સામગ્રી અને ઉત્પાદનોની પર્યાવરણ અંગે ફુટપ્રિંટનું માપન કરવામાં સહકાર આપશે.**

- **ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો**
  સપ્લાયર્સ પેરિસ કરારના લક્ષ્યોને ન્યૂનતમ ગણે તેવા પ્રણાલીગત અભિગમ સાથે તેમના ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનની દેખરેખ કરશે અને તેને ઘટાડશે.
- **સંસાધનોની કાર્યક્ષમતા**
  સંવર્ધન અને પ્રતિસ્થાપનનાં પગલાંઓ પર અમલ કરીને સપ્લાયરો ઊર્જા, જળ અને પ્રાકૃતિક સંસાધનોના વપરાશને ઘટાડશે.
- **હવા, પાણી, માટી અને અવાજ અને વધુ પડતા પાણીના વપરાશના ઉત્સર્જનનું મેનેજમેન્ટ કરવું**
  સપ્લાયર્સે પાણી, હવા, પાણી, માટીના ઉત્સર્જન અને કોઈપણ હાનિકારક માટી પરિવર્તન, જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, હાનિકારક અવાજ ઉત્સર્જન અને વધુ પડતા પાણીના વપરાશને ટાળવા માટે તેની કામગીરી દ્વારા ઉત્પાદિત અવાજને ઓળખવા,નિયંત્રિત કરવા અને ઘટાડવા માટે વ્યવસ્થિત અભિગમ અમલમાં મૂકવો જોઈએ.
- **કચરાનો નિકાલ**
  સપ્લાયરો જોખમી અને બિનજોખમી પદાર્થોને ઓળખવા, નિયંત્રિત કરવા, ઘટાડવા અને જવાબદારીપૂર્ણ રીતે તેનો નિકાલ અથવા રિસાઇક્લિંગ કરવા માટે પદ્ધતિસરના અભિગમ પર અમલ કરશે.
- **પ્રદૂષણને રોકવું**
  સપ્લાયરો ઘટાડા / પ્રતિસ્થાપનનાં પગલાંઓનો અમલ કરીને અને પ્રદૂષણ અટકાવીની જોખમી પદાર્થના વપરાશને શક્ય તેટલી ઓછો કરશે.
- **સામગ્રી અને ઉત્પાદનોનું સુરક્ષિત હેન્ડલિંગ**
  બધી સામગ્રીના સુરક્ષિત હૅન્ડલિંગ, ઉપયોગ, સંગ્રહ, પરિવહન અને નિકાલની ખાતરી કરવા માટે સપ્લાયરો પાસે વ્યવસ્થાઓ હશે. તેઓ રસાયણોનું સંચાલન કરતી વખતે જવાબદાર સંભાળના સિદ્ધાંતોનું પાલન કરશે અને પ્લાસ્ટિકની ગોળીઓનું સંચાલન કરતી વખતે ઓપરેશન ક્લીન સ્વીપ પહેલમાં ભાગ લેશે.
- **પરવાનગીઓ મેળવવી**
  સપ્લાયરો બધી જરૂરી પર્યાવરણીય પરવાનગી મેળવશે, તેને સમયાનુસાર રિન્યુ કરાવશે અને તેમનું પાલન કરશે.
- **સ્થાનિક રહીશો માટે આરોગ્ય અને સુરક્ષા સંબંધી જોખમો**
  સપ્લાયરો ચીજવસ્તુઓના પરિવહન સહિત સ્થાનિક નિવાસીઓ પર પોતાની પ્રવૃત્તિઓથી પડનારી અસરોનું પદ્ધતિસર અને નિયમિતપણે મૂલ્યાંકન કરશે.



# શ્રમ બાબતની કાર્યનીતિઓ અને માનવાધિકારો

**માનવ અધિકારોનું સન્માન કરવામાં આવે અને કામદારો સાથે અમારી મૂલ્ય શ્રૃંખલાઓમાં સારી વર્તણૂંક થાય તે સુનિશ્ચિત કરવું એ INEOS માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. સપ્લાયર્સ એ સુનિશ્ચિત કરશે કે કાર્યસ્થળ પર ન્યાયી અને સમાવિષ્ટ વાતાવરણ છે અને તેઓ માનવ અધિકારના આંતરરાષ્ટ્રીય બિલ અને કાર્યસ્થળ પરના મૂળભૂત સિદ્ધાંતો અને અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના ઘોષણાપત્રમાંના અધિકારોનો આદર કરવામાં આવે છે અને તેઓ તેમના કર્મચારીઓ અને અન્ય ભાગીદારોને કાર્યસ્થળ પરની ચિંતાઓ અથવા સંભવિત ગેરકાયદેસર પ્રથાઓની જાણ કરવા પ્રોત્સાહિત કરે છે.**

- **ભેદભાવવિરોધી, સતામણીવિરોધી અને ગેરવર્તનવિરોધી નીતિ**
  સપ્લાયર્સ જાતિ, રંગ, વંશીય મૂળ, ધર્મ, જાતિયતા, લિંગ, વય, રાષ્ટ્રીય અથવા સામાજિક મૂળ, જાતીય અભિગમ, લિંગ ઓળખ, વૈવાહિક સ્થિતિ, અપંગતા, રાજકીય જોડાણ અથવા સંઘ સભ્યપદના કારણે, નોકરીમાં અને અન્ય રોજગાર પ્રથાઓ, નોકરીમાં પગાર અને પ્રોમોશન, રીવોર્ડ્ઝ, તાલીમની પહોંચ, રોજગાર સમાપ્તિ માટે કોઈપણ સ્ટાફ સભ્ય સાથે ભેદભાવ કરશે નહીં. સપ્લાયરોએ સતામણી, દૈહિક દંડ, બળજબરી અને ગેરવર્તનથી મુક્ત કાર્યસ્થળ પૂરું પાડવાનું રહેશે. કોઈપણ ધાકધમકી અથવા અન્ય સ્વરૂપે અપાતી દમદાટી પ્રતિબંધિત છે.

- **બળજબરીથી કરાવાતી મજૂરી અને માનવ તસ્કરી પર નિષેધ**
  સપ્લાયરોએ ખાતરી કરવાની રહેશે કે બધું કાર્ય સ્વૈચ્છિક છે. રોજગાર કરાર કર્મચારીઓ સરળતાથી સમજી શકે તેવા હોવા જોઈએ અને તેઓ વાજબી સૂચના દ્વારા અથવા સ્થાનિક કાયદા મુજબ તેમનો રોજગારનો અંત કરવા માટે સ્વતંત્ર હોવા જોઈએ. સપ્લાયર્સ માનવતસ્કરી કરશે નહીં અથવા બળજબરીપૂર્વકની, બંધન, ગુલામી કે કેદ સાથેની મજૂરીના કોઈ સ્વરૂપનો ઉપયોગ કરશે નહીં. રોજગારની શરત તરીકે કર્મચારીઓએ કોઈ વ્યક્તિગત ઓળખ દસ્તાવેજો જમા કરાવવા ન જોઈએ.

- **બાળ / ઓછી ઉંમરના લોકો પાસે કરાવતી મજૂરીને અટકાવવી**
  સપ્લાયરોએ માત્ર એવા જ લોકોને નોકરીએ રાખવા, જેઓની ઉંમર ઓછામાં ઓછી 15 વર્ષ હોય અથવા લાગુ પડતી લઘુત્તમ કાનૂની ઉંમર બેમાંથી જે વધારે હોય, તે હોય,. 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે સપ્લાયરોએ હાજરીને ઓળખવી, આરોગ્ય, કામકાજની સ્થિતિ, કામના કલાકો અને સમય પર નજર રાખવી અને જોખમી કાર્ય માટે કોઈને નોકરીએ રાખવા નહીં અથવા એવી ઢબે કામ કરાવવું નહીં જે આર્થિક રીતે શોષણકારી હોય, શિક્ષણમાં ખલેલ કરે અથવા આરોગ્ય માટે હાનિકારક હોય, અથવા કર્મચારીના શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક કે સામાજિક વિકાસ માટે બાધક હોય. શૈક્ષણિક લાભ માટે કાયદેસરના કાર્યસ્થળ પ્રશિક્ષણ કાર્યક્રમો સ્વીકાર્ય છે, જો તે ILOની લઘુત્તમ વય સમજૂતિ ક્રમાંક 138ની કલમ 6 કે 7 સાથે સુસંગત હોય.

- **સંઘર્ષ ખનિજો**
  સપ્લાયરો એ સુનિશ્ચિત કરશે કે તેઓ સંઘર્ષ-અસરગ્રસ્ત અને ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાંથી ખનિજોની જવાબદાર સપ્લાય ચેઇન માટે OECD ડ્યુ ડિલિજન્સ ગાઇડન્સમાં યોગ્ય તપાસ પ્રક્રિયાઓ લાગુ કરીને સંઘર્ષમાં ફાળો આપતા ખનિજો ધરાવતી સામગ્રી અને ઉત્પાદનોનો સપ્લાય કરતા નથી.

- **કામકાજની પરિસ્થિતિ**
  કામકાજની પરિસ્થિતિ, આરામના કલાકો, દિવસો, વેતન અને પગાર સાથેના સંબંધમાં સપ્લાયરોએ બધા લાગુ પડતા કાયદાઓ, વિનિયમો અને/અથવા સામૂહિક સમજૂતીઓનું પાલન કરવું જોઈએ અને તે જે સ્થાનિક રીતે લાગુ વેતનને અનુરૂપ હોવા જોઈએ. સપ્લાયર્સ શારીરિક અને માનસિક થાક ન લાગે તે માટે પ્રક્રિયાઓની સંપૂર્ણ ખાતરી કરશે.

- **એસોસિએશન બનાવવાની અને સામૂહિક વાટાઘાટો કરવાની સ્વતંત્રતા**
  કાયદાકીય રીતે અપાતી પરવાનગી પ્રમાણે, સપ્લાયરો પોતાના કર્મચારીઓને મુક્તપણે તેઓની પસંદગીનાં લોકો અને સંસ્થાઓ સાથે જોડાવાની અને સામૂહિક રીતે સોદાબાજી કરવા માટે પ્રતિનિધિત્વ ઇચ્છવાની મંજૂરી આપશે. ઠપકા અથવા સતામણીની ધમકીઓ વિના કામકાજની પરિસ્થિતિઓ અથવા સંભવિતપણે ગેરકાયદે આચરણો વિશે પોતાની ચિંતાઓ વ્યક્ત કરવા માટે સપ્લાયરો કર્મચારીઓને મંજૂરી આપશે.

- **ગેરકાયદેસર હકાલપટ્ટી**
  સપ્લાયર જમીન, જંગલ અને જળ સ્ત્રોતના ગેરકાયદેસર વેચાણ અને ગેરકાયદેસર રીતે તેનો કબજે લેવા જેવી પ્રવૃત્તિમાં જોડાશે નહીં અથવા તેનો ભાગ બનશે નહીં.

- **સુરક્ષા દળો**
  સપ્લાયર એ બાબતની ખાતરી કરશે કે સુરક્ષા દળોનો ઉપયોગ જો સપ્લાયરના પ્રોજેક્ટ અથવા સંપત્તિના રક્ષણ માટે કરવામાં આવે છે તો તે હંમેશા લાગુ થતાં કાયદાની મર્યાદામાં કામ કરે, અને તેને ત્રાસ આપવો અને ક્રૂરતા આચરવી, અમાનવીય અથવા અપમાનજનક વર્તન, જીવન અથવા અંગને નુકસાન અથવા સંગઠનના અધિકાર અને સંગઠનની સ્વતંત્રતા માટે યોગ્ય રીતે સૂચના આપીને તેના પર દેખરેખ રાખવામાં આવે છે.

# નીતિમત્તા અને વ્યાપારનાં ન્યાયી આચરણો

અમારી મૂલ્ય શ્રૃંખલાઓમાં વ્યાપાર પ્રથાઓ ઉચ્ચતમ ધોરણોને પૂર્ણ કરે છે તેની ખાતરી કરવી INEOS માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે અમારા સપ્લાયરો વાજબી અને નૈતિક ઢબે વ્યાપાર કરે અને પોતાની વ્યાપારી કામગીરીઓને લાગુ પડતા આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક કાયદાઓ અને વિનિયમોનું સંપૂર્ણ પાલન થાય તે રીતે કામ કરે અને તમામ જરૂરી પરવાનગીઓ મેળવે.

- **સ્પર્ધાનો વરિોધ અને સ્પર્ધા**
  સપ્લાયરો સ્પર્ધાના વિરોધ અને સ્પર્ધા સંબંધિત કાયદાઓનું પાલન કરે તે અનિવાર્ય છે.

- **આંતરરાષ્ટ્રીય વ્યાપાર**
  સપ્લાયરો આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને નિકાસ નિયંત્રણ વિનિયમો તેમજ રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અથવા સરકારો દ્વારા લાદવામાં આવેલ નિયંત્રણો અને પ્રતિબંધોનું પાલન કરે તે ફરજિયાત છે.

- **લાંચ અને ભ્રષ્ટાચાર**
  સપ્લાયરો ખંડણી અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અપાતી લાંચ, નાણાંની હેરફેર અને ઇન્સાઇડર ડીલિંગ સહિત ભ્રષ્ટાચારનાં કોઈપણ અને બધાં સ્વરૂપોથી દૂર રહે.

- **ભેટ અને મનોરંજન**
  સપ્લાયરો એ બાબતનો આદર કરશે કે INEOSના કર્મચારીઓ એવી કોઈ ભેટ કે તરફેણનો સ્વીકાર ન કરે જેનાથી નિર્ણયોની નિષ્પક્ષતા જોખમાય અથવા તેના વિશે શંકાઓ ઊભી થાય. સપ્લાયરો ખાતરી કરશે કે ગ્રાહકો, સરકારી અધિકારીઓ, તેઓના વતી વ્યવહાર કરતા પેટાકોન્ટ્રાક્ટરો કે અન્ય પક્ષકારોને કરાતી ચૂકવણીઓ, અપાતી ભેટસોગાદો કે તેમને આપવામાં આવતા અન્ય વચનો લાગુ પડતા લાંચરુશ્વતવિરોધી કાયદાઓ અનુસાર હોય.

- **હતિોનો ટકરાવ**
  સપ્લાયરોએ INEOSને INEOSના એક સપ્લાયર તરીકે હિતોના સંભવિત અથવા વાસ્તવિક ટકરાવ વિશે માહિતી આપવાની રહેશે.

- **બૌદ્ધકિ સંપત્તઅિને ગોપનીયતા**
  સપ્લાયર INEOS ની બૌદ્ધિક સંપત્તિનો એવી કોઈપણ રીતે ન તો ઉપયોગ કરશે કે ન તો તેનો પ્રચાર કરશે, જે સપ્લાયરની INEOS સાથે સંકળાયેલા વિશિષ્ટ પ્રતિબદ્ધતા સાથે મેળ ન ખાતી હોય. સપ્લાયર INEOS ની બૌદ્ધિક સંપત્તિનું ઉલ્લંઘન અથવા ગેરઉપયોગ નહીં કરે અને તેના સપ્લાયર અને ગ્રાહકો તેવું કરતા નથી તે બાબતની પણ ખાતરી કરશે.

- **સાયબર સલામતી**
  સપ્લાયરે INEOS ના ડેટા અને પરિચાલનને સુરક્ષિત રાખવા માટે કડક સાયબર સલામતીના માનકોનું પાલન કરવું આવશ્યક છે. આમાં બહુ-પરિબળય પ્રમાણીકરણ જેવા પ્રામાણિક ડેટા સંબંધિત સલામતીના પગલાંનો તથા સંમત અને નિયમનકારી પ્રોટોકોલ મુજબ કોઈપણ સાયબર સલામતી સંબંધિત ઘટનાઓ વિશે તાત્કાલિકપણે જાણ કરવાનો સમાવેશ થાય છે. જોખમો વિશે જાણવા માટે અને તેને ઘટાડવા માટે નિયમિત ઓડિટ અને તૃતીય-પક્ષ દ્વારા જોખમોનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે, અને સપ્લાયરોએ એ બાબતની ખાતરી કરવી જોઈએ કે ડાઉનસ્ટ્રીમ વિક્રેતાઓએ પણ આ સાયબર સલામતીના માનકોનું પાલન કરવું જોઈએ. સપ્લાયર પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ડેટાને સંભાળતા સ્ટાફને નિરંતર રીતે સાયબર સલામતી સંબંધિત તાલીમ આપે, અને ફાયરવોલ, શંકાસ્પદ પ્રવૃત્તિની તપાસ કરતી સિસ્ટમ્સ, એન્ક્રિપ્શન અને નિયમિત રીતે અપડેટ થયેલ સોફ્ટવેર સાથે સુરક્ષિત નેટવર્ક જાળવી રાખે. તમામ સંબંધિત કાનૂની, નિયમનકારી અને કરાર આધારિત સાયબર સલામતી પ્રતિબદ્ધતાઓના પાલનની સાથે, અસરકારક વ્યાપાર સંબંધિત સાતત્ય અને આપદામાંથી ઉભરવાની યોજનાઓ સ્થિતિસ્થાપકતાના સમર્થન માટે આવશ્યક છે.





INEOS

**www.ineos.com**

Copyright © 2025. All rights reserved.
This report is published by INEOS on behalf of its businesses.

Headquarters: 38 Hans Crescent, Knightsbridge, London, SW1X 0LZ, UK.
INEOS is a Registered Trademark, the property of INEOS Capital Limited.